# ગુજરાતી ટાઈપીંગ માત્ર અમુક લોકો સુધી જ મર્યાદીત હતુ તે મારા "પ્રમુખ ટાઈપ પેડ" કીબોર્ડથી આ મર્યાદાઓ દૂર થઈ ગઈ છે : વિશાલભાઈ

## એક્સક્લૂઝીવ મુલાકાત
## EXCLUSIVE INTERVIEW

લલિત સોની





**લલિતભાઈ :** તમારા ગુજરાતી કીબોર્ડના સંશોધન વિષે જણાવશો.

**વિશાલભાઈ :** "જેવું બોલો, તેવું લખો" એ સિદ્ધાંત પર કામ કરતાં મારા ગુજરાતી કીબોર્ડની મદદથી કમ્પ્યુટરનું નજીવું જ્ઞાન ધરાવતો વ્યક્તિ પણ ખુબ જ આસાનીથી ગુજરાતીમાં ટાઈપ કરી શકે છે. જેવી રીતે આપણે અંગ્રેજીમાં ગુજરાતી લખીએ છીએ તે પ્રમાણે જો આ કીબોર્ડ પર લખવામાં આવે તો આપમેળે જ અંગ્રેજી મુળાક્ષરો તેના ગુજરાતી સમકક્ષ મુળાક્ષરોમાં ફેરવાઈ જાય છે. જો આપ "kanak" લખશો તો આ કીબોર્ડ તેને ગુજરાતીમાં "કનક"માં ફેરવશે. વળી જોડીયા કે વિશિષ્ટ અક્ષરોને પણ ખુબ જ આસાનીથી લખી શકાય છે. જેમકે "shabd" લખવાની "શબ્દ" અને "padm" લખવાથી "પદ્મ" લખાય છે. આ કીબોર્ડ યુનિકોડ પર આધારિત હોવાથી ગુજરાતી લખાણને ફોન્ટની ઝંઝટ વિના માઈક્રોસોફ્ટ વર્ડ કે પાવર પોઈન્ટમાં મુકી શકો છો કે પછી ઈમેલ કરી શકો છો.

**લલિતભાઈ :** તમે ગુજરાતી સિવાય બીજી કઈ કઈ ભાષાના કીબોર્ડનું સંશોધન કરેલ છે?

વિશાલભાઈ : ગુજરાતી સિવાય મેં બંગાળી, હિન્દી, કન્નડ, પંજાબી, મલયાલમ, ઉડિયા, તમિલ અને તેલુગુ ભાષાના કીબોર્ડનું પણ સંશોધન કરેલ છે.

**લલિતભાઈ :** આ કીબોર્ડથી ગુજરાતી ભાષાને થયેલ લાભ જણાવશો?

**વિશાલભાઈ :** આ કીબોર્ડ બનાવવાનો મુખ્ય હેતું ગુજરાતી ભાષાનો ઈન્ટરનેટ પર વ્યાપ વધારવા અને લોકોને કમ્પ્યુટર પર ગુજરાતીમાં આસાનીથી લખતા કરવાનો હતો કારણ કે આજના આ આધુનિક યુગમાં કોઈ પણ ભાષાને ટકાવી રાખવા માટે ભાષાને આધુનિક ટેકનોલોજી સાથે કદમ મિલાવીને ચાલવું અનિવાર્ય થઈ ગયું છે. જ્યારે આ કીબોર્ડ નહોતું ત્યારે આંગળીના વેઢે ગણી શકાય એટલી જ ગુજરાતી વેબસાઈટ ઉપલબ્ધ હતી પરંતુ જેમ જેમ આ કીબોર્ડનો વપરાશ વધવા લાગ્યો તેમ તેમ ગુજરાતી વેબસાઈટની સંખ્યા પણ વધવા લાગી.

ફેસબુક કે ઓર્કુટ જેવી સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ પર કે પછી ચેટીંગમાં ગુજરાતી લખવામા પણ લોકો આ કીબોર્ડનો ઉપયોગ કરે છે. આ કીબોર્ડથી દેશ-વિદેશમાં વસતા અનેક ગુજરાતી લોકો આપણી માતૃભાષામાં આસાનીથી લખતા થયા છે કે જેનો પુરાવો મને આઠમા ધોરણમા અભ્યાસ કરતા બાળકથી માંડીને એંસી વર્ષના વૃદ્ધ નિવૃત્ત વ્યક્તિઓએ ગુજરાતીમાં લખેલ શુભેચ્છા અને આશીર્વાદના ઈ-મેઈલથી મળે છે. અત્યાર સુધી "મામી"ના સંબોધનથી ઉપેક્ષા પામેલ ગુજરાતી ભાષાએ અનેક કમ્પ્યુટરમાં "માં"નું ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે એ જ ગુજરાતી ભાષાને થયેલ લાભ છે.

**લલિતભાઈ :** આ કીબોર્ડ ક્યાંથી મેળવી શકાય છે?

**વિશાલભાઈ :** આ કીબોર્ડ મારી વેબસાઈટ http://service.vishalon.net/pramukhtypepad.htm પરથી માત્ર એક ક્લિક કરીને ડાઉનલોડ કરી શકાય છે. આ કીબોર્ડ નિ:શુલ્ક છે કે જેના માટે છેલ્લાં આઠ વર્ષમાં પંદરસો કલાકથી પણ વધારે સમયનું યોગદાન આપીને આજના આ મુકામ સુધી પહોંચાડ્યું છે.

**લલિતભાઈ :** તમારું Education Background શું છે?

**વિશાલભાઈ :** મેં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી - વડોદરામાંથી કમ્પ્યુટર સાયન્સમાં સ્નાતકની પદવી મેળવી અને અમેરીકામાં ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટી - કોર્પસ ક્રીસ્ટીમાંથી એ જ ક્ષેત્રમાં સ્નાતકોત્તર પદવી પ્રાપ્ત કરી છે.

**લલિતભાઈ :** તમોને આવા કીબોર્ડનું સંશોધન કરવાની પ્રેરણા કેવી રીતે મળી?

**વિશાલભાઈ :** આઠ વર્ષ પહેલાં હું જ્યારે ગઝલો લખતો ત્યારે તેને ચિત્રરૂપે મારી વેબસાઈટ પર મૂકતો હતો કે જેથી દરેક લોકો કોઈ પણ જાતના ફોન્ટ ડાઉનલોડ કર્યા તેને આસાનીથી જોઈ શકે. જપરંતુ તેમાં ગઝલ ટાઈપ કરવી અને ચિત્રમાં ફેરવવામાં ઘણો જ સમય વ્યર્થ જતો હતો. વળી અમેરીકામાં રહેલા ઘણા સાહિત્યકાર મિત્રોને પણ આ જ પ્રકારનો અનુભવ જાણવા મળ્યો. વિવિધ વેબસાઈટ પર ગુજરાતી સરળતાથી ટાઈપ થઈ શકે તેવા પ્રોગ્રામની શોધ આદરી પરંતુ તેમાં સફળતા મળી નહી. ત્યારે મને વિચાર આવ્યો કે જો આપણે જેમ ગુજરાતીને અંગ્રેજીમાં લખીએ છીએ તેમજ જો આપણે ગુજરાતીમાં ટાઈપ કરી શકતા હોત તો ખુબ આસાની રહે. આથી મેં આ ક્ષેત્રમાં ઊંડા ઉતરીને તેનો ઉપાય શોધવાનું વિચાર્યું. મારા ગુરૂ પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી બળ પ્રાપ્ત કરીને નવી પ્રોગ્રામીંગ ભાષાને ધીરજતાપૂર્વક શીખીને એક વર્ષના અથાગ પ્રયત્ન બાદ ગુજરાતીનું કીબોર્ડની પ્રથમ આવૃત્તિ બનાવી.

**લલિતભાઈ :** તમારા સિવાય બીજા કેટલાયે આવા ગુજરાતી કીબોર્ડ બજારમાં હશે. તો તમારા ગુજરાતી કી-બોર્ડની શું વિશેષ ખાસિયત છે?

વિશાલભાઈ : જે વ્યક્તિને ગુજરાતીમાં ટાઈપ કરવાનું આવડતું ન હોય તેને જો ગુજરાતીમાં ટાઈપ કરવાનું કહે તો ખુબ જ મુશ્કેલ પડી જાય કારણ કે અલગ અલગ ગુજરાતી ફોન્ટ પ્રમાણે કીબોર્ડ અલગ થઈ જતા હોય છે તેથી તેને યાદ રાખવું કઠિન પડે છે. વળી જો આ લખાણ બીજા કોઈ વ્યક્તિને આપવું હોય તો લેનાર વ્યક્તિ પાસે આ ફોન્ટ હોવા જરૂરી છે. આ પ્રકારની મુશ્કેલીઓને કારણે ગુજરાતી ટાઈપીંગ માત્ર અમુક લોકો સુધી જ મર્યાદીત હતુ. મારા કીબોર્ડથી આ મર્યાદાઓ દૂર થઈ ગઈ છે. મારું કીબોર્ડ "જેવું બોલો, તેવું લખો" એ સિદ્ધાંત પર કામ કરે છે. જો આપ અંગ્રેજીમાં "pramukh" લખશો તો પોતાની મેળે ગુજરાતીમાં તેને "પ્રમુખ" કરી દેશે. આ જ સિદ્ધાંત ભારતની અન્ય ભાષાઓ માટે પણ લાગુ પડે છે. વળી આ લખાણ યુનિકોડમાં હોવાથી કોઈ પણ કોમ્પ્યુટર પર એ વાંચી શકાય છે. આ કીબોર્ડને લીધે કમ્પ્યુટરનું નજીવું જ્ઞાન હોય તેવા લોકો પણ ખુબ જ આસાનીથી ભારતની નવ અલગ અલગ ભાષામાં લખી શકે છે એ જ તેની વિશેષતા છે.

**લલિતભાઈ :** આ સંશોધન કરવા માટે તમે કોઈ formal training લીધી હતી?

વિશાલભાઈ : આ સંશોધન કરવા માટે મેં જાતે ભારતીય ભાષાઓના યુનિકોડનો અભ્યાસ કર્યો હતો અને જાવાસ્ક્રીપ્ટ (Javascript) નામની પ્રોગ્રામીંગ ભાષાને શિખ્યો હતો.

**લલિતભાઈ :** તમે ગુજરાતમાં કયા ગામના વતની છો? અને તમે ભારતમાં શું કરતા હતા?

**વિશાલભાઈ :** મારું મૂળ વતન ભાવનગર જીલ્લાનું એક નાનું ગામડું નોંધણવદર છે પરંતુ વર્ષોથી અમારું કુટુંબ જુનાગઢ રહે છે. ભારતમાં મેં કોલેજ સુધીનો અભ્યાસ પૂરો કર્યો અને ઉચ્ચતર અભ્યાસ માટે અમેરીકા આવ્યો.

**લલિતભાઈ :** તમારા કીબોર્ડનું નામ શું છે?

વિશાલભાઈ : મારા ગુરૂ પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ કે જેઓની પ્રેરણા અને આશીર્વાદથી જ ભારતીય ભાષાની સેવાનો આ અવસર પ્રાપ્ત થયો હોવાથી અર્ધ્યરૂપે આ કીબોર્ડનું નામ "પ્રમુખ ટાઈપ પેડ" રાખેલ છે.

**લલિતભાઈ :** ભારતીય ભાષાઓ માટે ભવિષ્યમાં આપની કંઈ યોજના છે?

**વિશાલભાઈ :** "સુધારાને સરહદ નથી, પ્રગતિને પુર્ણવિરામ નથી" એ ન્યાયે મારું કીબોર્ડ વાપરતા લોકોના પ્રતિભાવને અનુલક્ષીને હું છેલ્લાં સાત વર્ષોથી તેમાં સુધારા વધારા કરી રહ્યો છું. હાલના તબક્કે હું ભારતની દરેક ભાષાને પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો વાંચી શકે તેવી ભારતીય બ્રેઈલ લીપીમાં ટાઈપ કરવા માટેના કીબોર્ડની રચના કરી રહ્યો છું. આ ઉપરાંત મેં છ હજાર ગુજરાતી શબ્દોને સમાવતું ગુજરાતી સ્પેલ ચેકર ભૂતકાળમાં કરેલું છે તેને વધારે સારું બનાવવા માટેના પ્રયત્નો હું સમયનો અવકાશ મળ્યે આદરીશ.

**લલિતભાઈ :** તમારા વિષે કોઈને વધુ માહિતી મેળવવી હોય તો તમારો સંપર્ક જણાવશો.

વિશાલભાઈ : મારો સંપર્ક કરવાની માહિતી મારી વેબસાઈટ www.vishalon.net પરથી મળશે.

## એક મૈં ઔર એક તૂ' એકમાત્ર કરીનાની ફિલ્મ છે !




કરીના કપૂર - ઈમરાન ખાનની ફિલ્મ 'એક મૈં ઔર એક તૂ'ને શુક્રવારથી રવિવાર સુધીમાં રૂા. ૨૨ કરોડનું કલેકશન મળ્યું છે. જે કરણ જોહરની સ્ટાર કલાકારો સાથેની ફિલ્મ માટે ઓછું કહી શકાય. રૂા. ૪૦ કરોડમાં તૈયાર થયેલી આ ફિલ્મ ખોટનો સોદો નથી. પરંતુ અત્યારે જ્યારે મોટી ગણાતી ફિલ્મો પહેલા દિવસે ૨૦ કરોડથી વધુની કમાણી કરતી હોય ત્યારે આ કમાણી ઓછી લાગે એ સ્વાભાવિક છે. શુક્રવારે તો માતર રૂા. ૫ કરોડનું જ કલેકશન હોવાથી વિતરકોમાં ચિંતા ફેલાઈ હતી. ફિલ્મનો સારો પ્રચાર, સંગીતની લોકપ્રિયતા અને વેલેંટાઈન ડે જેવો સમય હોય ત્યારે આવી ફિલમની સફળતા નિશ્ચિત બની જાય. ફિલ્મ તેની લાગત તો વસૂલ કરી જ લેશે. કેમકે વિવેચકોની પસંદ ઉપર ખરી ઉતરી છે. અને ધીમે ધીમે દર્શો મેળવી રહી છે. કરણ જોહરે નવા નિર્દેશક શકુન બત્રા પર મૂકેલો વિશ્વાસ તેમણે સાચો ઠર્યો છે. શકુને ફિલ્મને સારી રીતે આગળ વધારી છે. સમાન્ય વાર્તા હોવા છતાં મનોરંજક બનાવવાની પૂરી કોશિષ કરી છે. કરનની આ વર્ષે અડધો ડઝન ફિલ્મો રજૂ થવાની છે. શરૂઆત ઘણી સારી છે. 'અગ્નિપથ' ૧૧૫ કરોડની કમાણી કરી ચૂકી છે. પણ 'એક મૈં ઔર એક તૂ' તેની જેમ માસ અપીલ ધરાવતી નથી. એટલે સિંગલ સ્ક્રિન થિયેટરો પર ચાલી શકી નથી. 'એક મૈં ઔર એક તૂ' આમ તો બધી જ રીતે એક એવરેજ ફિલ્મ ગણવામાં આવી છે. પરંતુ કલાકારોના સારા અભિનયને કારણે તે વધુ ઉંચાઈ મેળવી શકી છે. ફિલ્મ માટે સારી વાત એ છે કે તે બે કલાકની જ છે. 'અગ્નિપથ' ની જેમ ૩ કલાકની નથી. હોલીવૂડની ફિલ્મ 'વોટ હેપ્પન ઈન વેગાસ' પર આધારિત ગણાતી આ ફિલ્મનું ભારતીયકરણ કરવામાં શકુનને સફળતા મળી છે. અગાઉ ફિલ્મનું નામ 'શોર્ટ ટર્મ શાદી' હતું. જે થોડું વધુ આધુનિક લાગતું હોવાથી રોમેંટીક ફિલ્મ ગણાવવા 'એક મૈં ઔર એક તૂ' કરવામાં આવ્યું હતું.

આમ તો કરીના અને ઈમરાન બંનેની મુખ્ય ભૂમિકા છે. છતાં કરીના આખી ફિલ્મમાં છવાયેલી છે. કેમકે તેનો રોલ ઈમરાન કરતાં વધુ મજબૂત છે. કરીનાએ 'જબ વી મેટ' માં જે રીતે પાત્રને સમર્પિત થઈને કામ કર્યું હતું એજ રીતે આ ફિલ્મમાં 'રિયાના'ના પાત્રને જીવી બતાવ્યું છે. કરીનાને આ ફિલ્મમાં પસંદ કરવામાં આવી રહી છે. તે પરથી કહી શકાય કે કેટરીના ભલે લોકપ્રિયતામાં આગળ ગણાતી હશે. પરંતુ તે કરીના જેટલો તો પોતાની ભૂમિકાને હજુ ન્યાય આપી શકતી નથી.

હીરો તરીકે ઈમરાન ખાન સારી પ્રગતિ કરી રહ્યો છે. તેણે નિયમોમાં બંધાયેલા યુવાનની પડકારરૂપ ભૂમિકાને સારો અંજામ આપ્યો છે. છતાં હજુ તેણે રણબીરને ટક્કર આપવી હશે તો સંવાદ પ્રમાણે હાવભાવ વધુ સ્વાભાવિક આપવા પડશે. તેનો પ્લસ પોઈંગ એ છે કે કરીના સાથે જોડી સારી જામે છે.

કરીના તેના પ્રિયતમ સૈફ કરતાં અન્ય હીરો સાથે પડદા પર વધુ જામે છે એ આ ફિલ્મથી ફરી સાબિત થયું છે. 'રા.વન' પછી 'એક મૈં ઔર એક તૂ'ને ઠીક ઠીક આવકાર મળ્યો હોવાથી કરીનાએ સેલેબલ હીરોઈનનું લેબલ જાળવી રાખ્યું છે. તે લગન કરવા બાબતે પણ આ કારણે જ અસમંજસમાં છે. તેના લગ્ન અંગે હજુ અટકળ જ થયા કરે છે. ત્યારે તે ગર્ભવતી હોવાના સમાચાર તેની હરીફ હીરોઈનો ફેલાવે છે. અને તેને સ્પર્ધામાંથી બાકાત કરવા માગે છે એવું લાગી રહ્યું છે. કરીનાને અત્યારે કેટરીના જબરદસ્ત ટક્કર આપી રહી છે. જો કરીના લગ્ન કરી લે તો કેટરીના બિનહરીફ નંબર વન હીરોઈન બની શકે છે. -

**રાકેશ ઠક્કર**